# ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

વિદ્યાર્થી ભાઈ–બહેનો,

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત સરકાર ધ્વારા **'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ સ્પર્ધા'** નું આયોજન થયેલું છે. જે આપ સૌ જાણો છો. ૭૫ દિવસ સુધી ચાલનારી આ ઓનલાઈન સ્પર્ધામાં આપણી કોલેજમાંથી અત્યારસુધી ૨૨૬૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. તેમાંથી ૮૯૭ વિદ્યાર્થીઓએ ક્વિઝ રમ્યા છે. જેમાં ૫૬ વિદ્યાર્થીઓ પ્રથમ રાઉન્ડમાં વિજેતા થયેલા છે. વિજેતા થયેલ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં સરકાર ધ્વારા ૧૫૦૦/– રૂપિયા જમા કરવામાં આવે છે. આ માટે વિજેતા થયેલ વિદ્યાર્થીને પોતાના બેંક એકાઉન્ટની વિગતો તમને મેસેજ મળે તે પ્રમાણે આપવાની રહેશે. ત્યારબાદ કોલેજ ધ્વારા તેની ખરાઈ થાય છે. અને તરત જ વિદ્યાર્થીના એકાઉન્ટમાં રૂપિયા જમા થાય છે. તો વિજેતા દરેક વિદ્યાર્થીએ તમને મળેલ મેસેજ મુજબ વિગતો ભરીને મોકલી દેવી. જો કંઈ તકલીફ પડે તો પ્રા.ર્ડા.તૃપ્તિબેન સી. પટેલ અથવા શ્રી દિનેશભાઈ ઠાકોરનો સંપર્ક કરવો. હજુપણ જે વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા હોય તો ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાલુ છે.

વિજેતા વિદ્યાર્થીઓના ખાતામાં ૧૫૦૦/– રૂપિયા જમા થયેલ છે.

**વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન. અન્ય રાઉન્ડમાં પણ ક્વિઝ રમ્યા કરજો. સરકાર ધ્વારા રાજય કક્ષાએ પ્રથમ વિજેતાને રૂા.૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ), દ્વિતિય વિજેતાને રૂા.૩,૦૦,૦૦૦(ત્રણ લાખ) તથા તૃતિય વિજેતાને ૧,૫૦,૦૦૦/– રૂપિયા ઈનામ તરીકે જાહેર કરેલ છે.**

**પ્રા.ર્ડા.તૃપ્તિ સી. પટેલ,**
**નોડલ ઓફિસર,**
**(ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ સ્પર્ધા)**
**ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,**
**ડીસા**

**પ્રા.રાજુભાઈ ડી. રબારી,**
**આચાર્યશ્રી,**
**ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,**
**ડીસા**